Extra No. 322

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] WEDNESDAY, SEPTEMBER 10, 2025 / BHADRA 19, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તારીખઃ ૧૩મી ઓગસ્ટ, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ કેપી/૨૦૨૫નો ૩૪/પીઆરએચઆરડીડી/એમઆઈએસ/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૫/૨૪૫૫/સેક્શન–જે. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

Order

Under

The Gujarat Panchayats Act, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ

હુકમ

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી ઓગસ્ટ, ૨૦૨૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક. કેપી/૨૦૨૫નો૩૪/પીઆરએચઆરડીડી/એમઆઈએસ/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૫/૨૪૫૫/સેક્શન–જે: ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૧લી જાન્યુઆરી, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીવી-૨૦૨૫નો ૧૦-યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૬૧૪૧/પી સેક્શન, કેવી-૨૦૨૫નો ૧૧-યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૬૧૪૧/પી સેક્શન અને કેવી-૨૦૨૫ નો ૧૨-યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૬૧૪૧/પી સેક્શન હેઠળ, વલસાડ જિલ્લાના બલીઠા, સલવાવ, છીરી, છરવાડા, ચણોદ, કરવડ, નામધા, ચંડોર, મોરાઈ, વટાર અને કુંતા ગ્રામ પંચાયતના વિસ્તારોને, "મોટા શહેરી વિસ્તારો" તરીકે નિર્દિષ્ટ કર્યા છે અને વાપી શહેરના મ્યુનિસિપલ કોર્પોરેશનની રચના કરી છે;

અને સદરહુ ગ્રામ પંચાયતોના વિસ્તારો "મોટા શહેરી વિસ્તારો" હોવાથી, સંબંધિત જિલ્લા પંચાયત, વલસાડ અને તાલુકા પંચાયત, વાપી-ના સંબંધિત મતદાર વિભાગમાં ફેરફાર કરવામાં આવ્યો છે અને જેમના મતદાર વિભાગનો સંપૂર્ણપણે સદરહુ મોટા શહેરી વિસ્તારમાં સમાવેશ કરવામાં આવ્યો હોય તેવા જિલ્લા પંચાયત, વલસાડ અને તાલુકા પંચાયત, વાપી-ના ચૂંટાયેલા પ્રતિનિધિઓના કિસ્સામાં, અનુસૂચિની કોલમ (૪) અને (૫)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના જિલ્લા પંચાયત, વલસાડ અને તાલુકા પંચાયત, વાપી-ના સંબંધિત મતદાર વિભાગના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, જિલ્લા પંચાયત, વલસાડ અને તાલુકા પંચાયત, વાપી-ના પ્રતિનિધિ તરીકે હોતા બંધ થતા હોવાથી, જિલ્લા પંચાયત, વલસાડ અને તાલુકા પંચાયત, વાપી-ના સભ્ય તરીકે ચાલુ રહી શકશે નહિ;

અને ગુજરાત સરકારે, અનુસૂચિની કોલમો (૪) અને (૫)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે મતદાર વિભાગનું પ્રતિનિધિત્વ કરતા જિલ્લા પંચાયત, વલસાડ અને તાલુકા પંચાયત, વાપી-ના પ્રતિનિધિનો હોદ્દો સમાપ્ત કરવાનો નિર્ણય કર્યો છે;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૬૪ની પેટા-કલમ (૧)થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,-

૧. વિદ્યમાન જિલ્લા પંચાયત, વલસાડના સભ્યોની સંખ્યા કામચલાઉ રીતે ૩૮માંથી ઘટાડીને ૩૬ અને તાલુકા પંચાયત, વાપીના સભ્યોની સંખ્યા ૨૦માંથી ઘટાડીને ૬ કરે છે;

૨. જેમને સદરહુ જિલ્લા અને તાલુકા પંચાયતમાંથી બાકાત કરવામાં આવ્યા છે તેવા જિલ્લા પંચાયત, વલસાડ અને તાલુકા પંચાયત, વાપી-ના વિસ્તારોની અંદર આવતા, આ સાથે જોડેલી અનુસૂચિની કલમ (૪)માં નિર્દિષ્ટ કરેલ મતદાર વિભાગનું પ્રતિનિધિત્વ કરતા, કોલમ (૫)માં નિર્દિષ્ટ કરેલ જિલ્લા પંચાયત, વલસાડ અને તાલુકા પંચાયત, વાપી-ના સભ્યોનો હોદ્દો સમાપ્ત કરે છે.

અનુસૂચિ

અનુક્રમાંક	**જિલ્લા પંચાયતનું નામ**	**જિલ્લા / તાલુકા પંચાયતનું નામ**	**જિલ્લા / તાલુકા પંચાયતના મતદાર વિભાગનું નામ અને તેનો નંબર**	**જિલ્લા / તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યનું નામ**
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
૧	વલસાડ	વલસાડ જિલ્લા પંચાયત	૪-બલીઠા	રમીલાબેન રમેશભાઈ પટેલ
૨	વલસાડ	વલસાડ જિલ્લા પંચાયત	૯-છીરી	રેશમાબેન મિથુનકુમાર હળપતિ
૩	વલસાડ	વાપી તાલુકા પંચાયત	૧-બલીઠા-૧	રજનીકાંત નારણભાઈ પટેલ
૪	વલસાડ	વાપી તાલુકા પંચાયત	૨-બલીઠા-૨	સરસ્વતીબેન વિમલભાઈ પટેલ
૫	વલસાડ	વાપી તાલુકા પંચાયત	ચંડોર	ભાવીકા દિવ્યેશ પટેલ

અનુક્રમાંક	જિલ્લા પંચાયતનું નામ	જિલ્લા / તાલુકા પંચાયતનું નામ	જિલ્લા / તાલુકા પંચાયતના મતદાર વિભાગનું નામ અને તેનો નંબર	જિલ્લા / તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યનું નામ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
૬	વલસાડ	વાપી તાલુકા પંચાયત	૪-ચણોદ-૧	દેવેન્દ્ર બાબુ હળપતિ
૭	વલસાડ	વાપી તાલુકા પંચાયત	૫-ચણોદ-૨	સુનીલભાઈ અમૃતલાલ પટેલ
૮	વલસાડ	વાપી તાલુકા પંચાયત	૬-ચણોદ-૩	મણીલાલ મગનભાઈ પટેલ
૯	વલસાડ	વાપી તાલુકા પંચાયત	૭-છરવાડા	મનોજભાઈ કીકુભાઈ પટેલ
૧૦	વલસાડ	વાપી તાલુકા પંચાયત	૮-છીરી-૧	જગદીશભાઈ મોહનભાઈ હળપતિ
૧૧	વલસાડ	વાપી તાલુકા પંચાયત	૯-છીરી-૨	શાજહાંખાતુન અબદુલરઉ મિરજા
૧૨	વલસાડ	વાપી તાલુકા પંચાયત	૧૦-છીરી-૩	બિન્દુ રવિન્દ્ર યાદવ
૧૩	વલસાડ	વાપી તાલુકા પંચાયત	૧૨-કરવડ	લલીતાબેન રણજીતભાઈ પટેલ
૧૪	વલસાડ	વાપી તાલુકા પંચાયત	૧૪-કુંતા	આશાબેન સતીષભાઈ હળપતિ
૧૫	વલસાડ	વાપી તાલુકા પંચાયત	૧૯-સલવાવ	મનોજકુમાર ગોવિંદભાઈ માહ્યવંશી
૧૬	વલસાડ	વાપી તાલુકા પંચાયત	૨૦-વટાર	સંજયકુમાર ડાહ્યાભાઈ પટેલ

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દર્શન દેસાઇ,

સરકારના ઉપસચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.09.19 18:27:24 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar